# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-07-2024** **Midday : 2.30 to 2.35pm**

**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર ખ્યાતિ પુરોહિત વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## AHMEDABAD RATHYATRA CM

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સવારે અમદાવાદના જગન્નાથ મંદિર ખાતે સોનાની સાવરણી વડે રથના પ્રસ્થાન પહેલા તેમના માર્ગની સફાઈ કરવાની વિધિ એટલે કે, પહિંદ વિધિ કરી 147મી રથયાત્રાનો વિધિવત્ પ્રારંભ કરાવ્યો હતો. ત્યારબાદ મુખ્યમંત્રીએ ખલાસીઓ સાથે રથને ખેંચીને રથોનું પ્રસ્થાન કરાવ્યું હતું. હાલમાં મળતા અહેવાલ મુજબ ભગવાનના રથ સરસપુર તરફ આગળ વધી રહ્યા છે.

આજે અષાઢી બીજના પાવન અવસરે ભગવાન જગન્નાથજી બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્ર સાથે રથયાત્રા થકી નગરચર્યાએ નીકળ્યા છે. ભક્તો પણ ભગવાનની એક ઝલક જોવા માટે આતૂર બન્યા છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્ય અને સમગ્ર દેશમાં કાયમ સદભાવના, એકતા, શાંતિ અને સમૃદ્ધિનું વાતાવરણ બની રહે તેવી ભગવાન જગન્નાથજીને પ્રાર્થના. મુખ્યમંત્રીએ કચ્છી બંધુઓને શુભેચ્છા પાઠવતા આ મુજબ જણાવ્યું...

(બાઈટ - મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

## RATHYATRA Amit Shah

અમદાવાદનું જગન્નાથ મંદિરનું પરિસર વહેલી સવારથી જ જય જગન્નાથના નાદથી ગૂંજી ઊઠ્યું છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ સવારે ચાર વાગ્યે સહપરિવાર મંગળાઆરતી માટે પહોંચ્યા હતા. અહીં મહંત દિલીપદાસજી મહારાજે શ્રી શાહનું પાઘ અને હાર પહેરાવી સ્વાગત કર્યું હતું. આ મંગળા આરતી બાદ ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને બલરામજીને રથમાં બિરાજિત કરાવવામાં આવ્યા હતા. આદિવાસી સમુદાયના લોકોએ પરંપરાગત નૃત્ય કરીને રથયાત્રા માટે પોતાનો ઉત્સાહ દર્શાવ્યો હતો.

# OTHER CITIES DISTRICTS RATHYATRA-1

રાજ્યના અન્ય શહેર અને જિલ્લામાં પણ પરંપરાગત રીતે ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજાઈ રહી છે.

દાહોદ જિલ્લાના અમારા પ્રતિનિધિ પ્રેમશંકર કડિયા જણાવે છે કે, હનુમાન બજારમાં આવેલા રણછોડરાય મંદિર ખાતેથી સાંસદ જસવંતસિંહ ભાભોર, રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડ, કલેક્ટર યોગેશ નીરગુડે સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો પ્રારંભ થયો હતો. અહીં ભક્તોના મનોરંજન માટે 26 જેટલી ઝાંખી પણ પ્રદર્શિત કરવામાં આવી છે.

ખેડા જિલ્લાના અમારા પ્રતિનિધિ જનક જાગીરદાર જણાવે છે કે, ડાકોર નગરની રથયાત્રામાં સવારે 9 વાગ્ય પુષ્યનક્ષત્રમાં ભગવાન ચાંદીના રથમાં બિરાજમાન થયા. ત્યારબાદ મંદિરમાં 11 પરિક્રમા કર્યા બાદ રથનું મોટા દરવાજેથી બહાર તરફ પ્રસ્થાન કરાવાયું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના અડાલજમાં આવેલા જગન્નાથ મંદિર ખાતેથી પણ ભગવાનની રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

છોટા ઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને બલભદ્રજી સાથે બોડેલીના જલારામ મંદિર ખાતેથી અલીપુરા ચોકડીથી છોટાઉદેપુર રાજમાર્ગ પરથી પસાર થઈ જલારામ મંદિર ખાતે આવશે.

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, રાજ્યમાં બીજા અને દેશમાં ત્રીજા ક્રમની ભાવનગરની રથયાત્રા માટે ભક્તોમાં અનેરો ઉત્સાહ છે. વહેલી સવારે ભગવાનના નેત્રોત્સવની વિધિ કરી પાટા ખોલવામાં આવ્યા. ત્યારબાદ રથને સલામી આપી રથયાત્રાનું પ્રસ્થાન કરાવાયું હતું.

# SURAT BUILDING COLLAPSED UPDATED

સુરતમાં સચીન વિસ્તારના પાણીગામ ખાતે પાંચ માળની ઈમારત ધરાશાયી થતાં અગ્નિશામક દળના જવાનોએ બચાવ કામગીરી કરી હતી. આ દુર્ઘટનામાં કુલ સાત લોકોના મોત નીપજ્યા છે. જ્યારે બચાવ કામગીરી દરમિયાન કુલ ત્રણ મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા. સિવિલ અધિકારીઓના નિર્દેશ બાદ હવે કામગીરી બંધ કરવામાં આવી છે.

## Mahisagar - Rain

મહીસાગર જિલ્લામાં વાવણીલાયક વરસાદ થતાં ખેડૂતોએ આજે અષાઢી બીજ અને રથયાત્રાના પાવન દિવસે દોહા ગાઈને, વરુણ દેવને, આગામી દિવસોમાં સારો વરસાદ થાય તેવી પ્રાર્થના કરી હતી. આ સાથે ખેડૂતોએ પોતાના ખેતર ખેડીને બિયારણની વાવણી શરૂ કરી હતી.

## DANG MONSOON

ડાંગ જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં સરેરાશ ત્રણ ઈંચ વરસાદ વરસતા અત્યાર સુધી સરેરાશ કુલ 14 ઈંચ વરસાદ નોંધાયો છે. આફત નિવારણ વિભાગના જણાવ્યા મુજબ, છેલ્લા 24 કલાકમાં આહવા તાલુકામાં અઢી, વઘઇમાં ત્રણ ઇંચથી વધુ અને સુબીર ખાતે અઢી ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..